હિંમતનગરમાં તસ્કરો એક રાતમાં ચાર મકાનોને નિશાન બનાવ્યા : સોના-ચાંદી અને રોકડની ચોરી

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના બેરણા રોડ પર શનિવારની રાત્રીના સમયે ત્રણ સોસાયટીમાં ચાર મકાનોને તસ્કરોએ નિશાન બનાવી સોનાચાંદી નાદાગીના અને રોકડની ચોરી કરી લઈ ગયા હતા. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

હિંમતનગરથી બેરણા જવાના માર્ગ પર શનિવારની મધ્યરાત્રી બાદ ને ૨.૩૦ વાગેના સુમારે અચાનક તસ્કરોની ટોળકી ત્રાટકી હતી. તસ્કરોએ વિરાટનગર સોસાયટીમાં બે, શુભ ટેનામેન્ટમાં એક અને ક્રિષ્ના પાર્કમાં એક એમ મળી કુલ ચાર બંધ મકાનોને નિશાન બનાવ્યા હતા. જેમાં વિરાટનગર સોસાયટીમાં આર.બી. રાઠોડના બંધ મકાન નંબર ૧૧૯ ના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કરી તિજોરી તોડી તેમાંથી કડલા જોડ નંગ-૨ રૂ. ૫૦૦૦, સોનાની વીંટી નંગ-એક રૂ. ૨૦૦૦, ચાંદીના સિક્કા નંગ-૫ રૂ. ૫૦૦ મળી કુલ રૂ. ૭૫૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયેલ જ્યારે આજ સોસાયટીમાં પ્રવીણભાઈ નાયકના બંધ મકાન નંબર-૮૮માં પણ મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કરી તિજોરીઓ તોડી રોકડ અંદાજે રૂ. ૫૦૦૦૦ અને સોના ચાંદીના દાગીનાની ચોરી કરી લઈ ગયેલ તેવી તારાબેન નાયકે જણાવ્યુ હતું. ત્યાર બાદ તસ્કર ટોળકી ત્રીજું મકાન ક્રિષ્ના પાર્કમાં વિપુલકુમાર જોશીના બંધ મકાન નંબર-૪૬નું તાળું તોડ્યું હતું અને ચોથું બંધ મકાન વિઠ્ઠલભાઈ પટેલનું શુભ ટેનામેન્ટ ૪૦ નંબરનું બંધ મકાનની પાછળની બારી તોડી હતી તે દરમિયાન ઘરની ઓસરીમાં સુઈ રહેલ વિનુભાઈ પ્રજાપતિ અવાજ થતા દોડી આવ્યા હતા અને બુમાબુમ કરી તસ્કરોની પાછળ દોડતા ટોળકીએ પત્થર મારો કર્યો હતો જેમાં વિનુભાઈ પ્રજાપતિને હાથના ભાગે ઈજાઓ થઈ હતી. આ ચોરી અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતા ટાઉન પી.આઈ. જે.એમ. આલ. પી.એસ.આઈ. કે. એલ. પરમાર અને સ્ટાફ સ્થળ પર દોડી આવ્યો હતો અને નીરૂબેન રૂપસિંહ રાઠોડની ફરિયાદ નોંધી ડોગ સ્કોર્ડ બોલાવી તસ્કર ટોળકીનું પગેરું મેળવવાની કામગીરી હાથ ધરી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પવિત્ર યાત્રાધામ અંબાજી મંદિર ખાતે મા અંબાજીને અમદાવાદ એક વેપારીએ ૫ કિલો સોનું ભેટ આપ્યું તે પ્રસંગની તસવીર.

વિશ્વ વિખ્યાત યાત્રાધામ અંબાજી મંદિરમાં દોઢ કરોડથી વધુના સોનાનું દાન

પાલનપુર, તા. ૨૮

જગતજનની મા જગદંબાના શકિતપીઠ એવા બનાસકાંઠામાં આવેલ અરવલ્લીની ગિરીમાળાઓ વચ્ચે બિરાજેલ મા અંબાજીના ગગનચુંબી મંદિરના શિખર પર સુવર્ણ કળશ માટે ૨૫ કિગ્રા સોનાનું દાન આપવાની જાહેરાત કરેલ અમદાવાદના બિલ્ડર માઈભકત મુકેશ પટેલ સહિત તેમના પરિવારજનોએ ગત રોજ અંબાજી ખાતે ૫ કિલોગ્રામ સોનાનું દાન આપી કુલ ૧૦ કિ.ગ્રા. સોનું માના ચરણે અર્પણ કરતા તેમના પરિવારજનો અને માઈભકતોમાં હર્ષની લાગણી પ્રસરી ગઈ હતી.

મા જગદંબાના મંદિર પરના આરસના શિખરો પર સુવર્ણ કળશ મુકવા મંદિરના કર્તાહર્તાઓએ જાહેર કરેલ તે સમયે અમદાવાદના રહેવાસી મુકેશભાઈ પટેલ કે જેઓ વ્યવસાયે બિલ્ડર છે તેમણે ૨૫ કિ.ગ્રા. સોનું મંદિરમાં આપવાની જાહેરાત કરી હતી. તે સમયે લગભગ એક વર્ષ અગાઉ આ માઈભકતે ૨૫માંથી ૫ કિ.ગ્રા. સોનાનું દાન માના મંદિરે મા જગદંબાના ચરણે અર્પણ કર્યું હતું.

ત્યારબાદ ગતરોજ રાજયના મુખ્ય સચિવ ઈન્ચાર્જ વી.એમ. માયરા, વહીવટદાર આર.બી. ચૌધરી, નાયબ ઈજનેર જી.એલ. પટેલ, ટેમ્પલ ઈન્સ. અમૃતલાલ જોષી, જનસંપર્ક અધિકારી ભાનુભાઈ ત્રિવેદી, મંદિરના મહારાજ વતી જયશીલભાઈ ઠાકર (પુજારી) એ શાસ્ત્રોકત વિધિથી માતાજીના મંદિરના ગર્ભગૃહમાં સોનાનું દાન સ્વીકારી માના ચરણે ધર્યું હતું. તે સમયે મા અંબાના જય જયકારથી મંદિર પરિસર ગુંજી ઉઠયું હતું.

ધાનેરાના બાપલા ગામના જૈન દેરાસરમાં તસ્કરોનો તરખાટ : ૫ લાખથી વધુની મતા લઈ પલાયન

પાલનપુર, તા. ૨૮

સરહદી બનાસકાંઠા જિલ્લામાં તસ્કરોનો તરખાટ જારી રહેવા પામ્યો છે. જિલ્લામાં ઘરફોડ અને વાહન ચોરી સહિતની નાની-મોટી ચોરી ચકારી કરનાર તસ્કરો હવે મંદિરમાં રહેલા ભગવાનને પણ છોડતા નથી. જેની પ્રતિતિ કરાવતી ધાનેરા ઘટના ધાનેરા તાલુકાના બાપલા ગામે બની છે. જેમાં જૈન દેરાસરમાં અંદાજે પાંચથી છ લાખની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે.

ધાનેરા તાલુકાના બાપલા ગામમાં આવેલા જૈન દેરાસરમાં ગત રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. જેઓ મંદિરનો દરવાજો તોડી મંદિરમાં પ્રવેશ્યા હતા. જ્યાં તેઓએ ભગવાનના સોના-ચાંદીના આભુષણોની ચોરી કરી હતી. જેમાં ભગવાનની ચાંદીની ત્રણ મૂર્તિ, ચાંદીની થાળી, કળશ સહિતની પૂજાની આમડી મળી કુલ રૂ. પાંચ થી છ લાખની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.

આ ચોરીની જાણ સવારે ગુરખાને થતા તેણે પૂજારીને તથા ટ્રસ્ટીઓને જાણ કરી હતી. બાદમાં પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી તસ્કરોનું પગેરૂ શોધવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

હિંમતનગરના વીરાવાડા ખાતે ૩૪ ગુજરાત એન.સી.સી.નો વાર્ષિક કેમ્પ શરૂ

ગાંધીનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના વીરાવાડા પી.ટી.સી. કોલેજના મેદાન ખાતે ૩૪, ગુજરાત બટાલિયન એન.સી.સી.નો ૧૦ દિવસીય વાર્ષિક કેમ્પનો પ્રારંભ શનિવારથી થયો હતો. જેમાં જીલ્લાના તેર તાલુકાની અંદાજે ૪૦ કોલેજ અને સ્કૂલના ૫૫૦ કેડેર્સે ભાગ લીધો હતો.

જેમાં ૧૩૦ જેટલી ગર્લ્સ કેડેર્સનો પણ સમાવેશ થાય છે. ઉપરાંત રાજયના બીજા જિલ્લામાંથી આર.ડી.સી. કેડત્સો પણ ભાગ લીધો છે. આ અંગે ૩૪ ગુજરાત એન.સી.સી. બટાલિયન સાબરકાંઠાના કમાન્ડીંગ ઓફીસર કર્નલ સરનજીતસિંગ અને એડમ કર્નલ - બી.કે. ઠાકુરે જણાવેલ કે વીરાવાડા ખાતે આ મહિનામાં બીજો કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ વાર્ષિક દસ દિવસીય કેમ્પમાં કેડેર્સને શિસ્તતા, હથિયારોની કેવી રીતે સાચવણી કરવી તે અંગેનું માર્ગદર્શન, ફાયરીંગ કેવી રીતે કરવું તેનું પ્રેક્ટીકલ ઉપરાંત વિવિધ રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

પાલનપુરમાં શિયાળાના પ્રારંભે જ તસ્કરો સક્રીય

મકાનનું તાળુ તોડી ૮૦ હજારના દાગીના લઈ ફરાર

પાલનપુર, તા.૨૮

નવરાત્રી પછી ઠંડીનો ચમકારો શરૂ થતાં જ પાલનપુરમાં તસ્કરોનો ત્રાસ શરૂ થઈ ગયો છે. શહેરના ડેરી રોડ ઉપર મનદીપ રેસીડેન્સી (બંગ્લોઝ)માં ગત રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. અને દાગીના લઈ પલાયન થઈ ગયા હતા.

આ ઘટના અંગે પૂર્વ શહેર પોલીસ સ્ટેશનમાં ફરજ પરના પી.એસ.ઓ. દાનારામે જણાવ્યું હતું કે પાલનપુરના ડેરી રોડ પર આદર્શ હાઈસ્કૂલ સામે આવેલ મનદીપ રેસીડેન્સીમાં રહેતા અને વડગામ તાલુકાના એદ્રાણાના વતની પયાણભાઈ સેંધાભાઈ ચૌધરી કે જેઓ ડાયમંડ ટુલ્સના વ્યવસાય સાથે સંકળાયેલ છે. તેઓ ત્રણેક દિવસથી ઘર બંધ કરી બહારગામ ગયેલ હોવાથી અને અંબાજી દર્શનાર્થે ગયેલ હોવાથી ત્રણ દિવસ ઘર બંધ હતું. આમ સળંગ ત્રણ દિવસ સુધી ઘર બંધ રહેતા તસ્કરો રેકી બાદ આ ઘરને ટાર્ગેટ બનાવી મોકો જોઈ શનિવારથી રવિવાર સુધીમાં ગમે તે સમયે તસ્કરો ત્રાટક્યા હોવાનું શહેર પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાયું છે.

ઘરમાલિક પયાણભાઈ ચૌધરીએ પૂર્વ શહેર પોલીસ સ્ટેશનને આપેલ ફરિયાદમાં લખાયેલ વિગતોનુસાર તેમના મકાનનું તાળુ તોડી અંદરથી તેમની પત્નિના સોના-ચાંદીના દરદાગીના અંદાજે રૂ. ૮૦,૦૦૦ની મત્તા ચોરી થઈ ગયેલ. તે ચોરી અંગે સીમલાગેટ પોલીસ ચોકીના પો.સબ.ઈન્સ. એસ.એન. ઠાકોર અને સ્ટાફ તપાસ ચલાવી રહ્યા છે.

પાલનપુરમાં જનજાગરણ પરિવારના ઉપક્રમે રક્તદાન શિબિર યોજાઈ

શિબિરમાં રક્તદાતાઓએ ૭૫ બોટલ રક્તનું દાન કર્યું

પાલનપુર, તા. ૨૮

સમાજમાં રક્તદાન અંગે જાગૃતતા આવે તેવા શુભ આશય સાથે આજે જનજાગરણ પરીવાર દ્વારા પાલનપુરના વીજય હનુમાન સન્યાંસ આશ્રમ ખાતે રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં નિર્દોષ જીંદગીઓને મોતના મુખમાંથી ઉગારી લેવા રકતદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કરી સમાજમાં પરોપકારની ભાવનાનું સરાહનીય ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

પાલનપુરની તપોભુમિ એવા વિજય હનુમાન સંન્યાસ આશ્રમ ખાતે આજે સવારે આશ્રમના મહંતે મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ કલ્યાણનંદગીરી મહારાજે દિપ પ્રાગટ્ય કરી જનજાગરણ પરિવારના રક્તદાન કેમ્પને વિધિવત રીતે ખુલ્લો મુક્યો હતો. જો કે જરૂરીયાતમંદ દર્દીઓને લોહી મળી રહે તેવા ઉમદા આશય સાથે યોજવામાં આવેલ આ રક્તદાન શિબિરમાં રક્તદાતાઓએ મોટી સંખ્યામાં રક્તનું દાન કરી એક દાતા તરીકેની ફરજ અદા કરી હતી.

આ રક્તયજ્ઞમાં બપોર સુધી ૭૫ થી વધુ રક્ત એકત્ર થવા પામ્યું હતું. આ પ્રસંગે જયંતિભાઈ પઢિયારે રક્તદાતાઓને રક્તદાન કરવા બદલ બિરદાવ્યા હતા. તેમજ તેમનું રક્ત સરકારી હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓની જીંદગી બચાવવા માટે ઉપયોગી થશે તેવો આશાવાદ સેવ્યો હતો.

આમ પાલનપુરના વિજય હનુમાન આશ્રમ ખાતે યોજાયેલ રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓએ કરેલ રક્તનું દાન સમાજ માટે એક સરાહનીય ઉદાહરણ સમાન પુરવાર થવા પામ્યું હતું.

શ્રી વિજય હનુમાન સંન્યાસ આશ્રમના મહંત શ્રી ૧૦૦૮ કલ્યાણનંદગીરીજી મહારાજની પ્રેરણાથી યોજાયેલા રક્તદાન કેમ્પમાં પાલનપુરપાલીકાના ઉપપ્રમુખ હસમુખ પઢિયાર, જી.ઈ.બી.ના નાયબ ઈજનેર એલ.એ. ગઢવી, નગરપાલીકાના નગરસેવક વિજય જોશી, ડાયમંડ મર્ચન્ટ એશોસિએશનના પ્રમુખ જયંતિભાઈ પઢિયાર, રમણલાલ પઢિયાર, મીતવા સૈની અને સોનલ ઠક્કર સહિત મોટી સંખ્યામાં લોકોએ રક્તદાન કર્યું હતું. પેથાણી બ્લડબેંકના સ્ટાફે ડૉ. સુતરીયા સહિતના સ્ટાફે પ્રશંસનીય સેવાઓ આપી હતી.

હરસોલ ગામે હર્ષોલ્લાસ સાથે બકરી ઈદની ઉજવણી કરાઈ

તાજપુર કેમ્પ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના હરસોલ ગામ સહિત જિલ્લાના તમામ મુસ્લિમ બિરાદરોએ પરંપરાગત રીતે બકરી ઈદની ઉજવણી કરી હતી. હરસોલની નવી મસ્જિદ ખાતે હજારોની સંખ્યામાં મુસ્લિમ ભાઈઓએ મૌલાનાની ઉપસ્થિતિમાં નમાઝ અદા કરી એકબીજાને ભેટીને ઈદની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

પાલનપુર શહેરના વિશ્રામગૃહ ખાતે આજે પત્રકારમિત્રોની એક બેઠક યોજાઈ હતી. જેમાં મીડીયાગૃપની રચના કરી હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પાલનપુર શહેરના વિશ્રામગૃહ ખાતે પત્રકારમિત્રોની એક બેઠક યોજાઈ હતી. જેમાં નવીન સંગઠન બનાવવા પર ભાર મુકાયો હતો. જે અંગે વિશદ ચર્ચા વિચારણા બાદ મીડીયા ગૃપની રચના કરાઈ હતી. જેમાં સર્વાનુમતે હોદ્દેદારોની વરણી કરાઈ હતી. મીડીયા ગૃપના પ્રમુખ પદે સફરાજભાઈ નાગોરી (ટીવીનાઈન), ઉપપ્રમુખ પદે સઈદ કુરેશી મહામંત્રી પદે હરેશભાઈ જોષી, (આજકી બાત) મંત્રી તરીકે અતુલ ત્રિવેદી (બી.કે. ન્યુઝ) અને ખજાનચી પદે સંપૂર્ણ ન્યુઝ ચેનલના પ્રવિણભાઈ શ્રીમાળીની વરણી કરાઈ હતી. મીડીયાગૃપની રચના બાદ સૌપત્રકાર મિત્રોએ પત્રકારત્વ ક્ષેત્રે પડતી સમસ્યાઓ ઉપરાંત રચનાત્મક અભીગમ કેળવવા પર ભાર મુકાયો હતો.

પ્રાંતિજની પી એન્ડ આર હાઈસ્કૂલના યજમાનપદે રાજ્ય કક્ષાની બેઝબોલ સ્પર્ધા યોજાઈ

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૮

પ્રાંતિજ તાલુકામાં આવેલ પી.એન્ડ.આર. હાઈસ્કૂલના યજમાન પદે ગત રોજ રાજ્યકક્ષાની બેઝબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના ૨૬ જિલ્લામાંથી ભાઈઓની ૨૬ અને બહેનોની ૨૨ ટીમોના કુલ ૫૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

પ્રાંતિજની પી.એન્ડ.આર. હાઈસ્કૂલમાં આયોજીત આ અંડર ૧૯ બેઝબોલ સ્પર્ધા અલગ અલગ ચાર વિભાગમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં ભાઈઓની ફાઈનલ મેચ આણંદ અને બનાસકાંઠા જિલ્લાની ટીમ વચ્ચે રમાઈ હતી. જેમાં આણંદ જિલ્લો વિજેતા બન્યો હતો. જ્યારે બહેનોની ફાઈનલ મેચ આણંદ અને જૂનાગઢ શહેરની ટીમ વચ્ચે રમાઈ હતી. જેમાં આણંદ જિલ્લાની ટીમ વિજેતા બની હતી. આમ બહેનો અને ભાઈઓ બન્નેની ટીમોમાં આણંદ જિલ્લો અવ્વલ રહ્યો હતો.

આમ સ્પર્ધામાં ૨૦ વ્યવસ્થાપક સભ્યો ૨૦ રેફરીઓ પણ જોડાયા હતા. ઉપરાંત જિલ્લા રમત ગમત અધિકારી અશોક રાવલ, કોઓડીનેટર રાજુભાઈ પટેલ, શાળાના આચાર્ય દોલતસિંહ ઝાલા, આચાર્ય એચ.જી. પટેલ અને મીઠાભાઈ પટેલે સરાહનીય કામગીરી બજાવી હતી.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન